# બુધવાર, તા.૧લી જુલાઈ, ૨૦૨૬

## ૩૯૪.જાહેર હિસાબ સમિતિની બેઠકોઃ-

જાહેર હિસાબ સમિતિની બેઠક મંગળવાર, તા.૧૬/૦૬/૨૦૨૬ના રોજ મળી હતી. ઉક્ત બેઠકમાં સમિતિએ સામાન્ય વહીવટ વિભાગ તેમજ શિક્ષણ વિભાગને સંબંધિત સન ૨૦૧૬-૧૭ના વિનિયોગ હિસાબોના અનુદાનોની તપાસ હાથ ધરી હતી અને બેઠક દરમિયાન સમિતિએ કરેલ સૂચનો સંબંધમાં વિભાગે કરેલ કાર્યવાહીની જાણ કરવા તેમજ માંગેલ વધારાની માહિતી સમિતિને સમયમર્યાદામાં મોકલી આપવાની શરતે તપાસ પૂર્ણ કરી હતી.

જાહેર હિસાબ સમિતિની બેઠક બુધવાર, તા.૧૭/૦૬/૨૦૨૬ના રોજ મળી હતી. ઉક્ત બેઠકમાં સમિતિએ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગને સંબંધિત સન ૨૦૧૭-૧૮ના સી.એ.જી.ના ઓડિટ અહેવાલ (મહેસૂલ ક્ષેત્ર)ના ફકરાઓની તપાસ હાથ ધરી હતી અને બેઠક દરમિયાન સમિતિએ કરેલ સૂચનો તથા ભલામણો સંબંધમાં વિભાગે કરેલ કાર્યવાહીની જાણ કરવા તેમજ માંગેલ વધારાની માહિતી સમિતિને સમયમર્યાદામાં મોકલી આપવાની શરતે તપાસ પૂર્ણ કરી હતી.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ચેતન પંડ્યા,**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**